જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૪/૧૦/૨૦૧૪ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૮૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૩૨ લીટર દેશી દારૂ કબ્જે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૯૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુન/ખુનની કોશિશ ક્રોસ ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૨૪૯૧/૧૪**

**બાપુનગરઃ** મણિલાલ ગાંડાભાઇ સુમેસરા (રહે, આનંદ ફ્લેટ બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૧૦/૨૦૧૪ ના કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પુત્ર ગીરીશ ભીખાભાઇના ઘરે ગયેલ તે સમય દરમ્યાન આરોપી (૧) ભીખાભાઇ ચૌહાણ (૨) મેહુલ ભીખાભાઇ ચૌહાણ અને (૩) ભાવેશ ભીખાભાઇ ચૌહાણ (રહે.ચુંવાળનગરના છાપરા બાપુનગર) એ ભેગા મળી જુના ઝગડાની અદાવત રાખી ગીરીશ ઉપર તિક્ષ્ણ હથીયારથી જીવલેણ હુમલો કરી માથાના ભાગે તથા શરીરે ઇજાઓ કરી મોત નીપજાવ્યુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.ડી.પરમાર ચલાવે છે.

**બાપુનગરઃ** ભીખાભાઇ ઉકાભાઈ ચૌહાણ (રહે.ચુંવાળનગરના છાપરા શાશ્ત્રી સ્ટેડીયમની પાળ પાસે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જુના ઝઘડાની અદાવત રાખી આરોપી ગીરીશભાઇ મણિલાલ સુમેસરા (રહે. આનંદ ફ્લેટ બાપુનગર) એ તા.૪/૧૦/૧૪ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે ભીખાભાઈની પત્ની શુશીલાબહેન સાથે ઝઘડો કરી શુશીલાબહેનના પેટના ડુટીના ભાગે રીવોલ્વરથી ગોળી મારી ઈજા કરી જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.ડી.પરમાર ચલાવે છે.

**ખુનની કોશિશ :-** **સમાચાર યાદી નં.૨૪૯૨/૧૪**

**કાલુપુર :** મોહમદઅબ્બાસ ઉસ્માનભાઇ શેખ (ઉ.વ.૩૪)(રહે.મોલની પોળ, દરીયાપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી (૧) સાદિક ઉર્ફે ખંડેરાવ (જેના પુરા નામની ખબર નથી)(રહે.પોપટીયાવાડ દરીયાપુર) અને (૨) હયાત ઉર્ફે બોરા (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગામળી તા.૩/૧૦/૧૪ન બપોરનાં ૩/૪૫ વાગ્યાના સુમારે કાલુપુર ટાવર પાસે રોડ ઉપર મોહમદઅબ્બાસ નાં મિત્ર ઇલીયાસભાઇ(ઉ.વ.૨૮) નાઓને અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી છરી તથા ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી હતી. સારવાર અર્થે ઇલીયાસભાઇને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.જાડેજા ચલાવે છે.

**શાહપુરઃ** શાહપુર પોલીસને બાતમી મળતા તા.૪/૧૦/૧૪ કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે રિઙ્ઝકોર્નર ખાતે શાહપુર પોલીસ બાતમીના આધારે વોચમાં હતી ત્યારે ૪૦૭ ગાડીને રોકવા ઈશારો કરતા ૪૦૭ ગાડીના ચાલકે ગાડી પુર ઝડપે ચલાવી પોલીસ સ્ટાફના માણસોને કચડી નાખવાની કોશિશ કરી હતી. ગાડીનો પિછો કરતા ૪૦૭ ગાડી મટન માર્કેટ બાજુમાં ખુલ્લી જગ્યામાંથી વાછરડા સાથે મળી આવતા વાછરડાને પાંજરાપોળ મોકલી આપ્યા હતા. જ્યાં આરોપી (૧)હનીફ ઉર્ફે લંગડો (૨) કપીલ ઉર્ફે કફીલ જમાલુદ્દીન શેખ (૩) જહાંગીર હુસૈન ફકીરાભાઇ કુરેશી (૪) મયુદ્દીન ઉર્ફે મોનો (૫) મોહસીન દાઢી (૬) નાસીર નવસાદભાઇ શેખ (૭) ગુલામવારીશ ગુલામમહંમદ કુરેશી (૮) મહંમદજૈદ મહંમદહુસૈન કુરેશી (તમામ રહે. મિરઝાપુર શાહપુર) તથા ૩૦ થી ૩૫ ના ટોળાએ ભેગા મળી પથ્થર મારો કરતા શાહપુર પોલીસે ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી એન રાઠોડ ચલાવે છે.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૯૩/૧૪</u>**

**શહેરકોટડાઃ** વસંતીબહેન ઈશ્વરભાઈ વણઝારા (ઉ.વ.૧૪) (રહે.અનિલ વકીલની ચાલી જય અંબે ચોક પ્રેમનગર મેમ્કો)ને તા.૩૦/૯/૧૪ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ વસંતીબહેનની માતા પ્રેમિલાબહેન વણઝારાએ તા.૩/૧૦/૧૪ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહિલ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૯૪/૧૪</u>**

**સરદારનગર :** કૈલાસબહેન ગોવિંદભાઇ પટેલ(ઉ.વ.૫૫)(રહે.હરભોલાનાથ સોસાયટી, રામરાજ્યનગરની બાજુમાં, ઓઢવ) તા.૩/૧૦/૧૪ રાતનાં ૮/૧૫ વાગ્યાના સુમારે ભદ્રેશ્વર ત્રણ રસ્તા નજીક કારમાં બેસી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષ કારમાં બેસેલ કૈલાસબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૮,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કૈલાસબહેન પટેલે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.